# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 53 - October 2009 | MATRUBHASHA | Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૩ - ઓક્ટોબર ૨૦૦૯ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમત: જેવો જેનો ભાષાપ્રેમ


## ધન કોનું ? વાપરે તેનું



જ્યોતિશમાં ઘણા લોકો માને છે અને ઘણા એવા પણ છે જે તેમાં માનતા નથી. ભવિષ્યમાં માણસના જીવનમાં શું બનવાનું છે તે જાણવું જો એટલું બધું સહેલું હોત તો માણસો જ્યોતિશીના કહેવા પ્રમાણે જ જીવન જીવતા હોત.

લોટરીની જાહેરાતમાં 'જેક પોટ'ના પાંચ કે પચીસ મિલિયન વાંચીને કેટલા બધા લોકો દર અઠવાડિયે ટાટસલોટોની જુદા જુદા પ્રકારની લોટરીની ટિકિટો ખરીદે છે ? તેમાંના કેટલાયને જિંદગીમાં કોઈ દિવસ નાના પ્રકારનું ઈનામ પણ મળતું નહીં હોય. એ બધા જ જો જ્યોતિશને પૂછીને જાણી લે કે તેમને કોઈ દિવસ ઈનામ મળવાનું નથી અને ટિકિટ ખરીદવાનું જ બંધ કરી દે તો ? તમને નથી લાગતું કે કદાચ લોટરીનો ધંધો જ બંધ થઈ જાય ? કારણ કે એ બધા નિષ્ફળ ગયેલાના પૈસા જ તો જેક પોટમાં આવે છે ને ? કેટલાક લોકો દર અઠવાડિયે નિયમિત રીતે લોટરીની ટિકિટ ખરીદતા હોય છે અને છતાં કાંઈ મળતું નથી. એ બધા પૈસા જો સાંચવીને ભેગા કરે તો વરસને અંતે તેમને મોટી રકમ ભેટમાં મળે. એક વાત યાદ રાખવા જેવી છે કે દરેક આશા પાછળ નિરાશા છૂપાયેલી હોય છે. દરેક રૂપેરી લકીર સાથે કાળું વાદળું હોય છે.

વસ્તુપાળ-તેજપાળ ભાઈઓ ધનનો ચરુ જમીનમાં દાટવા ગયા જેથી કોઈ લૂંટારા તે પડાવી ન જાય. ખાડો ખોદ્યો તો તેમાંથી ત્રણ ચરુ સામેથી મળ્યા. જાણે કે કુદરતે તેમને સંદેશો આપ્યો કે ધન દાટવાનું ન હોય, વાપરવાનું હોય ! એ જમાનામાં ધનને સાચવવા માટે જમીનમાં દાટી દેવા સિવાય બીજો કોઈ સલામત માર્ગ નહોતો. પણ જમીનમાં દાટી દીધા બાદ ક્યાં દાટ્યું છે તે ભૂલી જવાય તો કોઈ દિવસ મળે નહીં. અથવા કોઈને જાણ કર્યા વગર તે માણસ સ્વર્ગસ્થ થઈ જાય તો પણ તે ધન જમીનમાં જ દટાયેલું રહે અને કદી કોઈ દિવસ બાહર આવી કોઈના કામમાં ન આવે. હવે તમે જ કલ્પના કરી લો કે કાઠિયાવાડ જેવા વિશાળ પ્રદેશમાં જો ઠેકઠેકાણે આ રીતે ધનના ચરુ દટાયેલા હોય તો કેટલું બધું ધન બીનઉપયોગી પડ્યું હશે ? વસ્તુપાળ-તેજપાળ ભાઈઓએ ધનના એ ત્રણ ચરુના માલિકને શોધવાની કોશિશ કરી કે નહિ તે ઈતિહાસમાં લખ્યું નથી. પણ તેમને તો અનુપમાદેવીએ સાચી દોરવણી આપી અને તેમણે ધનનો સત્કર્મમાં ઉપયોગ કર્યો. એમણે ઊંચી જગ્યાએ ઉત્તમ કારીગરી ને કોતરકામવાળા મંદિરો બંધાવ્યાં જેથી સમય જતાં લોકો તેને જોવા આવે અને આપોઆપ જ તેની સંભાળ લે.

ધન કમાઈને ભેગું કરવું એ માણસનો જન્મજાત સ્વભાવ છે. પ્રાણીઓ અને પક્ષીઓમાં સંગ્રહવૃત્તિ બહુ ઓછી જોવા મળે છે. તો પણ કીડી અને મધમાખીની સંગ્રહવૃત્તિ જાણિતી છે. કૂતરા હાડકાં જમીનમાં દાટે છે. ખીસકોલી હજારો ઠળીઆ ભેગા કરીને જુદી જુદી જગ્યાએ જમીનમાં દાટે છે. પછી અછતના સમયે કોઈપણ વૃક્ષ પર ફળફૂલ ન હોય ત્યારે તે ખોદીને જીવનનિર્વાહ કરે છે. તેમાંના ઘણા તે ભૂલી જાય છે અથવા તેને જરૂર પડતી નથી. આવા ભૂલાયેલા ઠળીઆમાંથી સમય જતાં બીજાં નવા વૃક્ષો ઊગે છે.

માણસનું દાટેલું ધન તો દાટેલું જ રહે છે. કાળાબઝાર શરૂ થયું ત્યારથી - અરે ભાઈ, આ કાળા બઝાર ક્યારથી શરૂ થયું અને કોણે શરૂ કર્યું એની કોઈને ખબર છે ? - માણસની ધનસંગ્રહ પ્રવૃત્તિમાં વેગ આવ્યો છે. પણ શહેરમાં વસતા લોકોને જંગલમાં જઈ ખાડા ખોદવા ફાવે નહીં. એટલે તેમણે વધારાના ધનને સંતાડવાની બીજી તરકીબો શોધવી પડે. ઘરની દીવાલના પોલાણમાં, ફર્નીચરમાં, ગાદલા અને તકિયામાં, બાથરૂમની પાણીની ટાંકીમાં, બાળકોના રમકડામાં, ટીવીમાં, ફ્રીજરમાં, ગોળના ડબામાં, એમ અનેક જગ્યાએ લોકોએ અનેક રૂપમાં ધન સંતાડવાની કોશિશ કરી છે. એક ભાઈએ પલંગના પાયાની પોલાણમાં સોનું ભરેલું. ચોર રાત્રે ઘરમાં આવે તો તેને કાંઈ હાથમાં ન આવે. તેમ છતાં ઈન્કમટેક્ષવાળા જ્યારે દરોડો પાડે ત્યારે ઘણું બધું શોધી કાઢે.

બેંકોએ સેઈફ-ડિપોઝીટ-બોક્ષ શરૂ કરી ત્યારથી લોકો ઘરેણાં ને અગત્યના કાગળીઆ તેમાં સંતાડતા થયા. પણ તેમાં જો ઘણું બધું ધન સાંચવવા મૂકવું હોય તો એક કરતાં વધારે બોક્ષ લેવી પડે અને તેમ કરવા જતાં લોકોની નજરે ચડી જવાય. ટેક્ષવાળા તો આવી માહિતીની જ રાહ જોતા હોય !

આ બધા કાળાબઝારીઆ અને સંગ્રહખોર લોકોની લાચારીનો લાભ ઊઠાવવાનો નૂસ્ખો સ્વીત્ઝરલેન્ડની સરકારે શોધી કાઢ્યો. આ બેંક વ્યાજ ન આપે તેમ પૈસા સાચવવાની ફી પણ ન લે. બસ, તમે પૈસા જમા કરાવો. કોઈપણ દેશની કરન્સી હશે તો ચાલશે. કારણ તમારું ખાતું એ કરન્સીમાં જ લખાશે. તમારા ખાતાનો એક લાંબોચોડો નંબર તમને આપે. બસ, એ જ તમારી પહોંચ. આ નંબર બતાવીને તથા પાસવર્ડ કહીને તમે ખાતામાંથી પૈસા ઉપાડી શકો અથવા વધારે મૂકી શકો. આ બધા મફતિયા પૈસા પછી સરકાર બીજા દેશોને તથા આંતરરાષ્ટ્રિય માર્કેટમાં વ્યાજે ધીરે. આનું વ્યાજ એટલું બધું આવે છે કે સરકારને પ્રજા પાસેથી કોઈપણ જાતનો ટેક્ષ લેવો પડતો નથી. પ્રજા પાસેથી ટેક્ષ લેવાને બદલે સરકાર સામેથી તમને ઘર શણગારવાના પૈસા આપે છે. સ્વીત્ઝરલેન્ડના નાનામોટા ગમે તે ગામમાં તમે જાવ તો તમને એક પણ ખોડખાંપણવાળું ઘર નહીં દેખાય. દરેક ઘર સુશોભિત રીતે શણગારેલું અને સુંદર દેખાશે.

આ બેંક શરૂ થયા બાદ બે વિશ્વયુદ્ધ થયા જેમાં અનેક લોકો માર્યા ગયા. વૃદ્ધાવસ્થામાં કુદરતી રીતે અવસાન થવા ઉપરાંત, આગ, પૂર, ધરતીકંપ વગેરે કુદરતી હોનારતોમાં અને માનવસર્જિત અકસ્માતો અને સંઘર્ષોમાં અનેક લોકો માર્યા જતા હોય છે. આમાંથી જેમનું ધન સ્વીત્ઝરલેન્ડની બેંકમાં હશે તે તો ત્યાં અકબંધ પડ્યું રહેશે. નધણિયાતું ! કાઠિયાવાડમાં દટાયેલા ધનના ચરુની જેમ જ. ફરક એટલો કે કાઠિયાવાડની જમીનમાં દટાયેલું ધન બીનઉપયોગી પડ્યું છે જ્યારે સ્વીત્ઝરલેન્ડની સરકાર પોતાની પાસેના ધનનું વ્યાજ મેળવે છે અને મબલખ કમાણી કરે છે.

ભારતમાં ઘણા વેપારીઓ કાળાબઝારનું અને ઘણા રાજકારણીઓ ખાયકીનું ધન એકઠું કરવાની આદત ધરાવે છે. પણ એ ધનનો શું ઉપયોગ કરવો એની તેમને ખબર હોતી નથી કે આવડત નથી. કહેવાય છે તેમાંના ઘણા પરદેશની બેંકમાં પૈસા જમા કરાવે છે જ્યાં તેમણે કોઈ હિસાબ આપવો પડતો નથી. ગઈ ચૂંટણી વખતે અડવાણીશ્રીએ જાહેરાત કરી કે ભારતીય લોકોનું આવું કાળું નાણું સ્વીત્ઝરલેન્ડની બેંકમાંથી કઢાવવાની તેઓ કોશિશ કરશે. પણ આનો વિરોધ તેમને ટેકો આપનાર ઘણા ધનાઢ્યો અને રાજકારણીઓએ જ કર્યો !

ધન તો વાપરે તેનું જ ગણાય. જમીનમાં દટાયેલું કે પરદેશની કોઈ બેંકમાં પડ્યું રહે તે કોના કામનું ? કેટલાય માણસો આખી જિંદગી મહેનત કરી, કુનેહ ને પ્રમાણિકતાથી કે અનીતિથી કમાઈને ધન ભેગું કરે રાખે છે. તેમના ગયા પછી એ ધન તેમના વારસદારો કે ભાગીદારોમાં ઝઘડાનું કારણ બને છે. અથવા તો વારસદાર મોજમજાહમાં ઉડાવી દે છે.

તેના કરતાં જેમ કમાતા જાય તેમ વાપરતા જાય તો ધનનો સદ્‌ઉપયોગ પણ થાય અને તેમને કમાવા સાથે વાપરવાનો આનંદ પણ મળે. તાતા, બીરલા, ફોર્ડ, રોકર ફેલર, વોરન બફે, જેવાએ ધન કમાઈને તેનો સમાજના કલ્યાણ માટે ઉપયોગ કરે રાખ્યો. પણ નારાયણ મૂર્તિ જેવા કરોડોના ગોટાળા કરીને ધન મેળવે છે જેનો શું ઉપયોગ કરવો તેની તેમને પોતાને જ ખબર હોતી નથી અને પોતાની તેમ જ દેશની આબરૂ બગાડે છે. જરૂર કરતાં વધારે ધનનો સંગ્રહ કરવાનું શું પ્રયોજન ?

આખરે તો ધન કોનું ? વાપરે તેનું જ !

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી

Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com

ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ, છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com.

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ઘડપણના સોપાને

**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

પત્ની છે આ, પાછલી વયે, મણમણ બોઝે વીલી રહી છે,
વાત વાતમાં વાંકુ લાગે, ફરિયાદે ભારી જીવી રહી છે.
ક્યાં ગયા એ દિવસો વિલાઈ,
પગ પગ ઝરણું પ્રેમનું ઝરતું ?
બોલ બોલમાં મધ થકી મીઠા અમીવચન આગાર સરકતું
આજ હવે ગંજાવર ગંજીઓ અણગમાની ચણી રહી છે.

એકદા અહીં ચાંદ સમી મધઝર વાતો ચાંદાપોળી શી
વણ વસંતે વસંત ખીલતી બારે માસ મઘમઘી અહીં
વય કાગડી છીનવી સહસા દહીથરું સુખનું ઊડી ગઈ છે.

હતી અહીં વનરાજિ લીલેરી તર-બ-તર રસથી ઝૂમતી
કોયલ કૂજન, મોરનાં નર્તન, અહોનિશ મસ્તી નીતરતી
તે ભૂમિ પર કોણે મૂકી થરના થર રેતી લાદી દીધી છે.

રૂપલે મઢેલી રાત્યૂં નમણી, હીર ભર્યાં એ વિહ્નો
પળપળ સરસર સરકી ચાલ્યાં રસ ભરિયાં ઉત્થાનો
ઝરણ સોતનું શાને અચાનક વસુકી ધેનુનું થાન બન્યું ?

કૌવત પંડનું ક્યાં ઓસરિયું ?
થનગનાટ અશ્વ શો ક્યાં શમિયો ?
રગરગમાં રવતો જોશતણો ઉછાળ અચાનક કથીર બન્યો.
ઘડપણનાં સોપાને શમણું પતઝર પાને ઝરી રહ્યું છે.

## ⌘ ફૂલ ⌘

શ્યામના ચરણમાં મૂક્યું રાધાએ ફૂલ
એ તો રૂક્મિણિને અંબોડે મ્હેંકે,
રાધાની વેદનાના મોરલાઓ સ્હેજે શું
માધવના કાળજામાં મ્હેંકે ?
રાધાની આંખની ઉદાસી આ આભમાં
કે સાંજ હવે થઈ ગઈ સૂમસામ !
વહેતી યમુનામાં કહો કેમ કરી ચીતરવું
પારકા એ પ્રિયતમનું નામ ?
શ્વાસમાં સમાઈને હરિવર આ લાગણીની
લીલાને દૂરથી ઉવેખે !
વૃક્ષોની છાતીમાં લ્હેરખી લપાય
અને લ્હેરખીની ગોદમાં સુગંધ,
બાવરી આ રાધાનો માધવ વિનાનો અહીં
ઝૂરે છે એકલો સંબંધ..
રૂક્મિણિની સોડ મહીં સૂતા છે શ્યામ,
જાગે રાધા કદંબને ઝરૂખે

## ⌘ કેવી ગઝલ ⌘

**વિનય કવિ, 'બદનામ' યુકે**

ઉરની વેદનામાંથી તો આખરે જન્મી છે ગઝલ,
ખરલમાં વ્યથાના ઘુંટાઈ તયારે બની છે ગઝલ.
અન્યથા કહેવાત કેમ જગતમાં પ્રેમની વાતો,
થઈ દિલના દર્દોની બાની અવતરી છે ગઝલ
સમુદ્ર મંથન થકી મળ્યાં'તાં રત્નો દેવોને,
મનોમંથનથી એવા અમોને સાંપડી છે ગઝલ.
કલાપી બાલ શયદાએ ઉછેરી દુલારથી જેને,
હવે યૌવનને માંડવે લેવી પાંગરી છે ગઝલ.
રૂપ છે નિરાદું ને કામણગારી છે અદાઓ,
જુઓ તો ખરા આજે શું બનીઠની છે ગઝલ.
ઉપમા આપું તો શું આપું ગઝલની દેવીને ?
જેવી ગરવી ગુજરાતણ એવી ગરવી છે ગઝલ!
કાં ન હો રંગીન મિજાજ ને સંગીન અસર એની ?
રે હૃદયના રક્તથી 'બદનામે' લખી છે ગઝલ.

## સ્ત્રીભૃણ આક્રંદ

**કાલીદાસ પટેલ**

માતા મારી, તુજ જગતમાં આવવા તું મને દે,
તારી કૂખે જનમ લઈને અંક તારે સુવા દે,
તારે ઊરે પયપાન કરી પારણામાં સુવા દે,
તારે ખોળે નચિંત મનથી ઊંઘવા તું મને દે.
વ્હાલી માતા, તુજ જગતમાં શું નથી કો' જગા કે,
શાને આવાં તરકટ કરી રોકવાનું સૂઝે છે ?
વ્હાલી મમ્મી, ઉપવાસ કરી પૂજતી'તી 'રન્નાદે',
જ્યારે આપી ફૂલ સમ કળી, ખીલવાનું રોકે કાં ?
વ્હાલી માતા, મુજ સરીખડી તું નથી શું 'મહિલા' ?
તું કાં ભૂલે, જગતભરમાં સ્ત્રી થકી 'બે કુટુંબો' !
રે'શે ક્યાંથી આ જગતમાં માનવી જાત જિંદા ?
ચાલુ રહેશે તરકટભરી ક્રૂર સ્ત્રી ભૃણહત્યા ?
તું કાં ભૂલે આ જગતમાં દીકરીથી ઉજાશો,
દુર્ગામાતા, જગદજનની, સર્વ ઘરોમાં પૂજાયે !

## ⌘ માણસ એટલે ⌘

**સાંઈરામ દવે, ગુજરાત**

માણસ એટલે રંગે રૂપે રૂડો ખાલી
માણસ એટલે મતલબનો મધપૂડો ખાલી
માણસ એટલે ચાલાકીનો ચૂલો ખાલી
માણસ એટલે ઉપરાઉપરી ભૂલો ખાલી
માણસ એટલે રંગ બદલતો કીડો ખાલી
માણસ એટલે ક્રોધ તણો કાકીડો ખાલી
માણસ એટલે લાગણીઓનો લટકો ખાલી
માણસ એટલે અહંકારનો કટકો ખાલી
માણસ એટલે દંભ તણો દેકારો ખાલી
માણસ એટલે બેસૂરો એક નારો ખાલી
માણસ એટલે મહોબતોનું મૃગજળ ખાલી
માણસ એટલે સ્વાર્થ કેરી સાંકળ ખાલી
માણસ એટલે આવેગોની આંટી ખાલી
માણસ એટલે લીટાવાળી પાટી ખાલી
માણસ એટલે અધૂરો ગરબડ ગોટો ખાલી
માણસ એટલે રોમેરોમે ખોટો ખાલી
માણસ એટલે દાવપેચનું ડીડક ખાલી
માણસ એટલે માગણીઓનો મેડક ખાલી
માણસ એટલે તૃષ્ણાઓનું ત્રાટક ખાલી
માણસ એટલે નાગુંપૂગું નાટક ખાલી

## ⌘ માનવ સંદેશ ⌘

**સુધાકર હરિહર ભટ્ટ, અમેરિકા**

સ્વતંત્ર્ય દેવી, હું જીવંત મૂર્તિ
કેમ કરી પામું આજ સ્ફૂર્તિ ?
આઘાત ઊંડો મારે હૈયે જે
કેમ કરી જીરવી શકું એ ?
અગ્યાર સપ્ટેમ્બર બે હજાર એકે
નિહાળી શક્યા નહિ નયન એકે
ઈમારત બની બે શ્મશાનકાળી
કંપ્યું હૈયું તે દૃશ્ય નિહાળી.
જ્વાળામુખી જેમ ફાટી જ્વાળા
ધૂમ્રગોટા વળી ચોપાસ કાળા
આતંકવાદનો વિકરાળ પરચો
ઉડાડે ટાવરની આભમાં કરચો.
નિર્દોષ માનવભોગ લઈને
શ્મશાનભૂમિ બે ટાવરની કરીને
કડડભૂસ પડી છત, દીવાલો
બનાવી દિનને શ્માશાન કાળો.
વિશ્વમૈત્રી સંદેશ મારો જે
આતંકવાદમાં મૃત્યુ પામ્યો એ
સમગ્ર માનવને પૂછું છું આજે
જન્મશે શું પુનઃ સંદેશ મારો એ ?

સનેડોનો સનેપાત,
નાચો ને ધૂણો,
માતાજી હસે.

ધનતેરસનું ધન,
પૂજિ ને પૂરી દીધું,
લક્ષ્મીદેવી હસે

ચૌદસનાં ચાર વડાં,
ચાર દિશામાં ઊડયા,
કૂંડાળે કાળીમા હસે !

ચોપડા પૂજન
એક ધોળો ને
ત્રણ કાળા

ફૂટયા ફટાકડા,
વાસી મીઠાઈ,
દીવાળી હસે

## પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ

**(સમિતિના કાર્યકર્તાઓઃ જગતકિશોર ઢેબર, મહેન્દ્ર શાહ, પ્રદીપ માંકડ, નરેશ માંકડ, પ્રફૂલ શેઠ, હર્ષદ ગાંધી, ભરત કાપડીઆ, કુન્દનલાલ ખખ્ખર, મહેશ છાંયા, વગેરે)**

કોઈ પણ માણસ નોકરીમાંથી નિવૃત્ત થાય એટલે સૌથી પહેલાં એને એ પ્રશ્ન મૂંઝવે છે ' હવે શું કરવું ?' જો બચત પૂરતી ન થઈ હોય અને જીવન નિર્વાહની સમસ્યા એવી ને એવી જ રહી હોય તો તેને માટે આવક મેળવવાનું બીજું કોઈ કામ શોધવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. ઑસ્ટ્રેલિયા જેવા ધનાઢય ગણાતા દેશમાં જ્યાં 'સોસિયલ સિક્યોરીટી' દ્વારા સરકાર પેન્શન આપે છે ત્યાં તો એ પ્રશ્ન સહેલાઈથી ઉકલી જાય છે.

જેમણે બચત પૂરતા પ્રમાણમાં કરી હોય, 'સુપર એન્યુએશન' કે 'પ્રોવિડન્ડ ફંડ'માં રકમ જમા થયેલી હોય, તે પોતાની રીતે નિયમિત માસિક 'પેન્શન મેળવીને આરામદાયક જિંદગી જીવી શકે છે. એવા લોકો માટે સમય પસાર કરવાનો એક મોટો પ્રશ્ન બની રહે છે.

કોઈ પ્રવાસના શોખીન હોય તો અત્યાર સુધી ન કરેલા પ્રવાસો કે યાત્રાઓનું આયોજન કરે, સાહિત્યના શોખીન વાંચવા લખવાની પ્રવૃત્તિમાં ડૂબી જાય, કોઈ પોતાના હુન્નરના શોખમાં રચ્યાપચ્યા રહે. કોઈ મંદિરમાં જઈને કલાકો સુધી બેસી રહે, કોઈ હોસ્પિટલ, અનાથાશ્રમ કે ઘરડા ઘરમાં જઈ સેવા આપે, તો કોઈ સમાજસેવાના બીજા કોઈ કાર્યમાં લાગી જાય.

રાજકોટમાં થોડા વર્ષ પહેલાં બેંકની નોકરીમાંથી નિવૃત્ત થયેલા એવા થોડા કર્મચારી મિત્રોએ ભેગા મળી વિચાર કર્યો કે એમણે સમાજ માટે કંઈક કરવું જોઈએ. તેમણે ગીતાનો એ સંદેશો અપનાવ્યો કે 'અન્નદાન એ મહા દાન છે' ભક્ત કવિ કબીરે પણ પોતાની એક ચોપાઈમાં અન્નદાનને પ્રભુભક્તિ પછી બીજી અગત્યની વાત ગણાવી છે.

"કબીર કહે કમાલકો, દો બાતાં શીખ લે,
કર સાહિબકી બંદગી ઔર ભુખે કો અન્ન દે"

ભારત જેવો 'ત્રીજી દુનિયા'નો દેશ હોય કે ઑસ્ટ્રેલિયા જેવો 'પહેલી દુનિયા'નો દેશ હોય, પણ નાનામોટા પ્રમાણમાં ગરીબ લોકો દુનિયાના બધા જ દેશોમાં છે. દરેક ગરીબ માણસ 'આળસુ' છે એટલે તે ગરીબ છે એમ માની લેવું પણ ભૂલ ભરેલું છે. કોઈ ગરીબાઈમાં જન્મ્યો હોય અને તેમાંથી બાહર નીકળવાના બધાજ પ્રયત્નોમાં તેને સફળતા ન મળી હોય અથવા કોઈ કુદરતના 'ચડતી પડતીના' નિયમનો ભોગ બની કે ધરતીકંપ, દુકાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, આગ, જેવી કોઈ કુદરતી હોનારતના સપાટામાં આવી જઈ ધનાઢયમાંથી ગરીબીમાં ફેંકાઈ ગયો હોય ! સંજોગો ગમે તે હોય પણ પેટનો ખાડો તો પૂરવો જ રહ્યો. 'પેટ કરાવે વેઠ' જેવી જાણિતી ગુજરાતી કહેવત પ્રમાણે ક્યારેક ગમે તેવો સ્વમાની માણસ પણ, જ્યારે પેટની આગ ભભૂકી ઊઠે છે ત્યારે હાથ લંબાવી બેસે છે.

આવા લોકોનું સ્વમાન જળવાઈ રહે અને તેમને અન્ન પણ પહોંચાડી શકાય તેવા ઉમદા ઉદ્દેશથી આ મિત્રોએ પોતાની શક્તિ પ્રમાણે 'અન્ન વિતરણ'નો કાર્યક્રમ શરૂ કર્યો. પોતાની શક્તિ પ્રમાણે થોડા પૈસા ભેગા કરી તેમાંથી અનાજ ખરીદે અને જરૂરતમંદ ગરીબોને વિતરણ કરે. બીજાનું સ્વમાન જાળવી રાખવા માટે થતી આ પ્રવૃત્તિ માટે પોતાનું સ્વમાન તો કેમ જતું કરાય ? એટલે એમણે એવો નિયમ કરેલો છે કે આ કામ માટે મદદ માટે તેમણે કદી બીજા સામે હાથ ન લંબાવવો. આપમેળે બને તે કરવું અને જો બીજા કોઈ સામે ચાલીને આવી ગરીબો માટે કાંઈ આપે તો પ્રેમથી સ્વીકારી તેનું પણ વિતરણ કરવું.

આપણા દેશમાં સામાજિક કાર્ય કરનારાની મથરાવટી એટલી તો મેલી ગણાય છે કે તેવું કામ કરનારા પર કોઈ સહેલાઈથી ભરોસો ન કરે અને પૈસા ઉચાપત થશે કે આપેલી મદદ ગેરવલ્લે જશે એવી શંકા લોકોને રહે. બધો હિસાબ બરોબર રહે તે માટે તેમણે 'પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ' રજિસ્ટર કર્યું. ટ્રસ્ટના સરકારી નિયમ પ્રમાણે દર વરસે સંસ્થાનો હિસાબ બાહરના નિષ્ણાત પાસે 'ઑડિટ' કરાવવો પડે અને સરકારને રજુ કરવો પડે.

શુદ્ધ નિષ્ઠાથી થતા કાર્યમાં ઈશ્વર અવશ્ય મદદ કરે.. અર્ધો ડઝન મિત્રોએ સાથે મળી શરૂ કરેલા આ કાર્યમાં ધીમે ધીમે બીજા નિવૃત્ત કર્મચારીઓ સાથ આપવા લાગ્યા અને આજના દિવસે દોઢસો ઉપરાંત એવા કર્મચારીઓ આ સંસ્થાની કામગીરીમાં સહાય આપી રહ્યા છે. તે ઉપરાંત બાહરથી પણ જેમને ખબર પડે છે તેઓ પણ એમને આ કાર્યમાં ઉત્તેજન આપે છે. હું રાજકોટમાં હતો ત્યારે ચેન્નાઈથી એક ભાઈએ તેમના માતુશ્રીની પુણ્યતિથિના દિવસે ગરીબોને અનાજનું વિતરણ કરવા માટે રૂ. ૧૫૦૦૦.૦૦ (પંદર હજાર) મોકલેલા. ટ્રસ્ટના સંચાલકોએ તરત જ તેના ઘઉં ખરીદી ગરીબ લોકોમાં વ્હેંચી આપ્યા.

આ અનાજ વિતરણનું કામ કોઈ નિયમિત તારીખે હોતું નથી. સંસ્થામાં પૈસાની બચત કરવાનો કે અનાજ સંગ્રહ કરવાનો નિયમ નથી. પૂરતું અનાજ ખરીદવા જેટલા પૈસા ભેગા થાય એટલે તરતજ તેનું અનાજ ખરીદી વિતરણ કરવામાં આવે છે. નિયમિત લાભ લેનારા જરૂરતમંદોના નામ સરનામા તેઓ લખી રાખે છે. તે બધાને પોસ્ટકાર્ડ લખી ક્યા દિવસે અને ક્યા સરનામે અન્ન વિતરણ રાખવામાં આવેલ છે તે તેઓને જાણ કરે,

ગરીબોમાં પણ સ્વમાન તો હોય જ ને ? તેઓ પણ મળે તેટલી અને બને તેટલી મજૂરી કરીને કાંઈક તો કમાય જ. કુટુંબના ભરણપોષણ માટે ક્યારેક પૂરતું ન મળતું હોય ત્યારે જ આવી સંસ્થાનો આશરો લેવા તૈયાર થાય. તેઓએ એકવાર કહ્યું કે 'સાવ મફત' લેવું તેમને ગમતું નથી. રેશન કાર્ડ પર સરકાર તરફથી સસ્તા દરે અમને અનાજ મળે છે તે રીતે આપો તો પણ ચાલશે. બધાનો મત લઈને તેમની સહમતીથી હવે અનાજના એક કિલોએ બે રૂપીઆ લેવામાં આવે છે. અને તે પણ જેઓ સામેથી આપે તેમની પાસેથી જ ! માગવામાં આવતા નથી. એટલે કોઈ જો સંજોગવશાત પૈસા ન લાવી શક્યું હોય તો તેણે બીજાની હાજરીમાં શરમ ન અનુભવવી પડે. કેટલી સરસ આ યોજના છે ? (રેશન કાર્ડ પર સરકારમાન્ય દુકાને પાંચ રૂપીએ કિલો ઘઉં મળે છે. ચૂંટણી પહેલાં બંને પક્ષોએ ત્રણ રૂપીએ કિલો આપવાનું વચન આપેલું ! પણ વચનનો હજી અમલ થયો નથી)

હવે આ સંસ્થા અન્ન વિતરણ ઉપરાંત ગરીબોને મદદ આપવાના બીજા કાર્યો પણ કરે છે. જેવાં કે, શિયાળામાં ગરમ ધાબળા આપવા, વિદ્યાર્થીઓને પુસ્તકો અને કપડા અપાવવા, હોસ્પિટલમાં ટીફીન અથવા ફળ પહોંચાડવા, વગેરે.

અહીં સંત રહીમના નિયમને યાદ કરવા જેવો છે. રહીમ દાન આપતી વખતે પોતાની નજર જમીન તરફ રાખતા. કોઈએ પૂછ્યું 'આમ કેમ ?' તો તેમણે ખુલાસો કર્યો, 'જો લેનારની અને મારી નજર એકવાર મળે, અને ફરી ક્યારેક રસ્તામાં તેનો ભેટો થાય તો શક્ય છે કે મને જોઈને તે શરમ અનુભવે અને તેથી પણ હીન એ કે કદાચ મારા મનમાં અહમ્ જાગે !'

એક વાતની નોંધ લેવી જરૂરી છે કે આ કાર્યની શરૂઆત કરનારા મિત્રો કે હાલમાં તેમને સાથ આપનારા કોઈ મોટી બચતવાળા ધનાઢયો નથી. સાધારણ નોકરી કરી નિવૃત્ત થયેલા લોકો છે. વાહન તરીકે કેટલાક પાસે સ્કૂટરને બદલે સાયકલ છે કે કેટલાક પગપાળા જ બધે જાય છે. નિવૃત્તિ બાદ એશ-આરામમાં ડૂબી જનારા લોકોએ આમાંથી કાંઈક શીખવા જેવું છે. ગમે તેટલું કમાઈને ભેગું કર્યું હોય પણ અંતે તો 'અહીંનું અહીં મૂકી જવાનું છે'. જતાં પહેલાં સત્કર્મમાં જેટલું વપરાશે તેની ચિત્રગુપ્તના ચોપડે નોંધ રખાશે. મંદિર પર ધજા ચડાવવા કે માતાજીને સોનેરી વાઘા પહેરાવવા કરતાં 'અન્ન દાન'ના પુણ્યના માર્ક વધારે મળશે ! ⌘ ⌘ ⌘

### છીંડે ચડયો તે ચોર

ટીવી પર એકવાર સમાચાર આવ્યા કે સિડનીમાં માર્ક બર્ટન નામનો માણસ દાણચોરી કરતાં પકડાયો છે. પોલીસના કબજામાં લેવાયેલા આ માણસનો વિડિયો પણ બતાવાયો. પણ બીજે દિવસે પોલીસે તેને છોડી મૂક્યો, કારણ કે દાણચોરને પકડવા જતાં ખોટો માણસ તેમની હડફટે ચડી ગયેલો અને તે તો નિર્દોષ હતો. પણ એકવાર ટીવીના સમાચારમાં આવી ગયું એટલે સમાજ તે જ વાત પકડી રાખે અને હવે જે કોઈ માર્ક બર્ટનને મળે તે એમ જ માને કે આ તો દાણચોર છે. માર્ક ગમે તેટલો પોતાની નિર્દોષતાનો બચાવ કરે પણ સમાજને ગળે એ વાત ઉતરવાની નથી જ. સમાજનો આ ઘાતકી નિયમ છે, 'છીંડે ચડયો તે ચોર' જ કહેવાય ! પછી ભલે ને તે ફક્ત ત્યાંથી પસાર જ થતો હતો.

એલિસ નામની છોકરી ટાર્ગેટ ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં ચોરી કરતાં પકડાઈ. તેણે ચોરી કબૂલ કરી અને માફી માગી. ત્યાર બાદ એલિસે કદિ ચોરી કરી નથી. તેમ છતાં તેના સગાવ્હાલાં અને મિત્રો એમ જ માને છે કે એલિસ હંમેશા ચોરી કરે છે ! ચોરીની કબૂલાત સમાજે સ્વીકારી પણ ત્યાર પછીનો સુધારો સમાજે મંજૂર નથી રાખ્યો.

છાપામાં એકાદવાર, ભૂલથી, કોઈને માટે ખરાબ છપાઈ જાય તો સમાજ એ વાતને જ પકડી રાખશે. બીજે દિવસે છાપાંમાં પછી માફીપત્ર છપાયો હોય અને ખુલાસો કર્યો હોય કે આ તો ભળતા નામવાળી વ્યક્તિ વિષે લખાઈ ગયું છે, તો પણ સમાજ એ સ્વીકારશે નહી. ⌘ ⌘ ⌘

## જ્યોત સે જ્યોત જલે

કાલીદાસ પટેલ, અમદાવાદ

ઓસ્ટ્રેલિયાના પ્રખ્યાત શહેર મેલબર્નની ખ્યાતનામ ધમધમતી ફ્લીન્ડર્સ સ્ટ્રીટને નાકે આવેલા આલીશાન મોલમાં અમદાવાદથી ઉચ્ચ અભ્યાસાર્થે આવેલો અમિત પટેલ પાર્ટ ટાઈમ કામ કરે છે. સીટી વિસ્તારનો આ મોલ પ્રખ્યાત છે. તેમાં દરેક જાતની વસ્તુઓ મળે છે. સ્ટેશનરી તથા ટપાલ સેવા, ફેક્સ, ફોટોકોપી તથા ઈન્ટરનેટ સેવા અને ઈમેલ સેવા પણ મળે છે.

અમિત પોતાના કાઉન્ટર પર આવતા લોકોના બીલ ફટાફટ બનાવે છે તથા પૈસા ગણીને હસતે ચહેરે ગ્રાહકનો આભાર માને છે અને બીલ અને સામાન પેક કરી આપે છે. સ્ફૂર્તિપૂર્વકનું, નિષ્ઠાપૂર્વક કામ કરવું એ આ દેશનો મુદ્રાલેખ છે તે અમિત સુપેરે જાણે છે તથા જીવનમાં ઉતારી ચૂક્યો છે. તેથીસ્તો પાર્ટટાઈમમાં કામ કરીને મોંઘી ફી તથા રહેવા-જમવાનો ખર્ચ કાઢે છે ને ?

મોલના મુખ્ય પ્રવેશદ્વારથી એક દુબળો, પાતળો, ઉદાસ અને ગમગીન ચહેરાવાળો યુવાન પ્રવેશે છે. ખૂબ જ દુઃખી લાગે છે. તે અમિતના દેખાવ પરથી ધારી લે છે કે આ ભાઈ ભારતીય છે. તેને કંઈક અંગત કામ માટે ફેક્સ કરવો છે, વતનમાં. પરંતુ ફેક્સ કરવાનો વિધિ તથ કેટલો ખર્ચ થશે તેની તેને ખબર નથી. અરે ! ખિસ્સામાં પૂરતા પૈસા પણ નથી. અમિત થોડો નવરો પડે તેની ઈંતેજારીમાં તેના સામે જોઈને ખૂણામાં ઊભો છે. ગ્રાહકોથી વિંટળાયેલા અમિતનું ધ્યાન તેની તરફ જાય છે. ચહેરે મહોરે જુવાન ગુજરાતી હોય તેવું લાગે છે. તેની વ્યથા લીંપેલી સુરત જોતાં જ અમિત બધું સમજી જાય છે. ગ્રાહકોને પતાવી તે જુવાન પ્રતિ વળે છે અને સસ્મિત વદને બોલે છે, 'બ્રધર, બોલો શું સેવા કરું આપની ?'

બહુ દિવસે પોતાને ગુજરાતીમાં કોઈએ સંબોધ્યો. અને તે પણ એક મોટા ભાઈ નાનાભાઈને વાત્સલ્યભાવે બોલાવતો હોય તેમ ! કેટલાય સમયથી ગુજરાતી ભાષામાં કોઈ વાતચીત જ થઈ નહોતી. રૂમ પાર્ટનર પણ દક્ષિણ ભારતના મદ્રાસી હતા અને અંગ્રેજીમાં જ વાત કરતા હતા. પોતાને ગુજરાતીમાં બોલ્યે ઘણા દિવસ થઈ ગયા હતા.

જુવાન ભાવવિભોર થઈ ગયો. પોતાની વ્યથા ઠાલવવાનું જાણે કે ઠેકાણું મળી ગયું. મહાપરાણે રોકેલો અશ્રુબંધ તૂટી ગયો. બોલી જ ન શકાયું. ચાલાક અમિત બધું સમજી ગયો. પ્રેમથી બરડે હાથ પસવારતાં બોલ્યો, 'નાપાસ થયો છે ને ? કંઈ વાંધો નહી. પરીક્ષા આપે તે નાપાસ પણ થાય ! શું રડે છે આમ છોકરીની જેમ ! ચાલ, હસ જોઈએ !'

મહાપરાણે આંખમાં ધસી આવતાં આંસુઓ લૂછતાં જુવાન ફીક્કું હસ્યો. બધી વ્યથા હવે મોં દ્વારા બાહર નીકળવા માંડી. "બધા જ વિષયોમાં નાપાસ થયો છું. ફરીથી બધું ભણવું પડશે અને ફરીથી ફી પણ ભરવી પડશે. મોડાસાના ગરીબ નાઈનો દીકરો છું. નાનકડી દુકાન છે અમારી. માંડ ઘર ચાલે છે. તેમાં ફરી અઢાર લાખ રૂપીઆ ફીના ક્યાંથી કાઢવા ? હવે પાછો દેશ પણ શું મોઢું લઈને જાઉં ? પપ્પાએ ઉધાર, ઉછીના કરી, દેવું કરીને, મારી જીદ સામે ઝૂકી જઈને મને અહીં ભણવા મોકલ્યો છે. ત્યાં તો બધાને એવું લાગે છે કે અહીં ઓસ્ટ્રેલિયામાં ડોલરનું ઝાડ છે. બસ, ખંખેર્યા કરો અને ડોલરનાં પોટલાં બાંધ્યા કરો ! પરંતુ સાચી વાત તો એ છે કે મારે આજે ઘેર ફેક્સ કરવો છે પૈસા મંગાવવા અને તે માટેના પૂરતા પૈસા નથી મારા ગજવામાં ! બહુ મથ્યો પાર્ટ ટાઈમ નોકરી શોધવા માટે, પણ એક તો અંગ્રેજી બરાબર આવડતું નથી ઉપરાંત અહીંના ગોરા લોકોના ઉચ્ચાર પણ એવા છે કે કશું ય સમજાતું નથી. કમ્યુનિકેશનનો જ જ્યાં પ્રોબ્લેમ હોય ત્યાં નોકરી કેવી રીતે મળે ? હું બહુ ભણ્યો પણ નથી. માંડ માંડ બારમું પાસ કર્યું છે. દેખાદેખીમાં એજન્ટની મદદથી 'ફુકરીમાં એડમીશન મેળવી મોટે ઉપાડે અહીં આવી ગયો. ફસાઈ ગયો છું. નથી ભણી શકતો, નથી નોકરી મેળવી શકતો ! અહીં બધું કમ્પ્યુટર પર ચાલે છે અને મને કમ્પ્યુટરનો 'ક' પણ આવડતો નથી. મજૂરી જેવા કામ માટે જાઉં છું તો મારા શરીરનો માયકાંગલો બાંધો જોઈને જ મને ના પાડી દે છે. મેલબર્ન શહેરની ભુગોળ પણ સમજાતી નથી. અહીંનાં રોડ, સ્ટ્રીટના નામ પણ વિચિત્ર લાગે છે. અને યાદ તો રહેતાં જ નથી . ક્યાં જવું કામ શોધવા તે સમજાતું નથી."

અમિતનો પ્રેમાળ હાથ હજુયે તેનો બરડો પસવારતો ફરતો હતો. તેણે હિંમત બંધાવતાં કહ્યું, 'અરે ! એમાં આમ ગભરાઈ જવાનું હોય ? બધું નવું હોય, ઘર યાદ આવતું હોય, ત્યારે આવું લાગે તે સ્વાભાવિક છે. જ્યારે અમે નવા આવેલા ત્યારે અમે પણ છાને ખૂણે જઈને રડેલા. અને હા ! મેલબર્નની ભુગોળ તો ઘણી સહેલી છે. તેના બધા રોડ તથા સ્ટ્રીટના નામ સિસ્ટમેટીક થીમથી પાડેલા છે.

એક હતો રાજા    કિન્ગ સ્ટ્રીટ
એનું નામ વિલિયમ, વિલિયમ સ્ટ્રીટ
એને એક રાણી    ક્વીન સ્ટ્રીટ
એનું નામ એલિઝાબેથ, એલિઝાબેથ સ્ટ્રીટ
તેને બે દીકરા    સ્વાન્સ્ટન સ્ટ્રીટ અને રસેલ સ્ટ્રીટ.
તેમણે ભર્યું એક પ્રદર્શન, એક્ઝીબીશન સ્ટ્રીટ
અને આ બધાથી બન્યું મેલબર્ન શહેર.

આટલી વેદના વચ્ચે પણ જુવાન હસી પડયો. ગોરા લોકોની બુદ્ધિ તથા પ્લાનીંગ પર તે ફીદા થઈ ગયો. ક્યાં ભારતના છાસવારે બદલાતાં નેતાઓના નામવાળા રસ્તા અને ક્યાં અહીંના થીમ પ્રમાણેના નામવાળા રસ્તા.

અમિત હવે ખીલવા માંડયો. તેણે મોડાસાનું સરનામું લીધું અને ફેક્સ કરી દીધો અને પૈસા પોતે ચૂકવી દીધા. પછી પ્રેમથી કહ્યું, 'બ્રધર, મારું નામ અમિત પટેલ. હું પણ અમદાવાદથી અહીં ભણવા જ આવ્યો છું. પરીક્ષા તો પતી ગઈ અને સદ્‌નસીબે પાસ પણ થઈ ગયો છું. અને હાલ તો જોબ કરું છું. તારું નામ શું, ભઈલા ?'

જુવાન હવે જરા મૂડમાં આવ્યો, 'મારું નામ કનુ લિંબાચીયા. મોડાસામાં વૃદ્ધ પિતા નાઈની દુકાન ચલાવે છે. માંડ ગુજરાન ચાલે છે. ફરીવાર ફી ભરાય તેમ નથી. ક્યાંક કંઈક કામ મળી જાય તો... નહીતર દેશ પાછા જવું પડશે.'

ચબરાક અમિતના મનમાં ઝબકારો થયો. તેણે વિચાર્યું, 'નાઈનો દીકરો નાઈનું કામ તો જાણતો હશે ને ? અહીં તો હેર ડ્રેસર શોધ્યા જડતા નથી !'

તેણે પ્રેમથી પૂછ્યું, "એક સરસ રસ્તો મને સૂઝે છે. તને હેર ડ્રેસર તરીકે કામ મળી જાય. તથા તેમાં વળતર પણ ઘણું છે. બોલ, છે તૈયારી ?"

"હા, હા ! તે તો અમારો ખાનદાની ધંધો છે. મને સરસ ફાવે છે. હું તો તૈયાર જ છું." અને અમિતે કનુભાઈ લીબાચીયાને પોતે જ્યાં વાળ કપાવતો હતો તે ઓળખીતા હેર ડ્રેસરની મોટી દુકાનમાં ગોઠવી દીધો. બસ, કારીગીરીનું જ કામ ને ! ક્યાં અંગ્રેજી બોલવું પડે કે ન ફાવે ? અને બાપદાદાનો ધંધો પાછો. કનુ તો જબરો ગોઠવાઈ ગયો.

વર્ષો વિતી ગયાં એ વાતને. અમિતને પી.આર. મળી ગયું અને પછી ઓસ્ટ્રેલિયાનો સીટીઝન પણ બની ગયો. ટેલીકમ્યુનીકેશનમાં માસ્ટર કરેલ અમિતને અહીંની પ્રખ્યાત કંપની ટેલસ્ટ્રામાં સારા પગારે નોકરી પણ મળી ગઈ. એકવાર કંપનીના કામે મોબાઈલ કવરેજની મોજણી કરી રહ્યો હતો ત્યારે એક સુંદર વૈભવશાળી દુકાનમાંથી તેના નામની બૂમ સંભળાઈ. દુકાનના કાચના દરવાજા પર સુંદર અક્ષરોમાં લખ્યું હતું, 'ઈન્ડીયન હેર ડ્રેસર'. તેને લાગ્યું કે કોઈ ભાઈબંધ વાળ કપાવવા આવ્યો હશે અને મને જોઈને બોલાવતો હશે. તે અંદર ગયો. વૈભવી ઠાઠવાળી, પાંચ હેરડ્રેસીંગ અને મસાજની ખુરશીવાળી એરકન્ડીશન્ડ દુકાન જોઈને તે ખુશ થઈ ગયો. હજી કંઈ વિચારે તે પહેલાં તો એક ફેશનેબલ કપડાંમાં સજ્જ યુવાન તેના પગમાં પડી ચરણરજ લેતો હતો. પહેલાં તો અમિત ઓળખી ન શક્યો આ જુવાનને. જુવાનને જ ઓળખાણ આપવી પડી. 'અમિતભાઈ, ઓળખ્યો મને ? હું કનુ લીબાચીયા. મોડાસાનો. તમારે ત્યાં ફેક્સ કરવા આવ્યો હતો તે !' અમિતને તરત જ ટ્યુબલાઈટ થઈ. 'અરે, કનુભાઈ, કેમ છો ? તમે નોકરી બદલી કે શું ?'

'ના, અમિતભાઈ. આપની કૃપાથી મારી પોતાની દુકાન હું ચલાવી રહ્યો છું. આપના પ્રતાપે પાંચ ખુરશીની આ દુકાન ધમધોકાર ચાલે છે.'

અમિત આભો બની ગયો. તેને હવે બધું યાદ આવ્યું. પુરુષાર્થ કરનાર કદી નિષ્ફળ જતો નથી તે સત્ય તેની નજર સમક્ષ ઝગારા મારતું હતું. તેણે કનુનો ખભો થાબડયો, 'શાબાશ, દોસ્ત ! મને તારા ઉપર ગર્વ છે.' પ્રેમથી બંને વાતે વળગ્યા. વાતો કરતાં અમિતની નજર એક બોર્ડ પર પડી. તેના પર લખ્યું હતું, 'ઈન્ડીયન સ્ટુડન્ટસને કામ મળશે. રૂબરૂ મળો.' અમિતે પૂછ્યું, 'કનુભાઈ, તમે વળી ક્યારે એમ્પ્લોયમેન્ટ એજન્સી શરૂ કરી ?'

ખૂબ જ ગંભીરતાથી કનુ બોલ્યો, 'હા, અમિતભાઈ, આ મારી દુકાન ઈન્ડીયાના વિદ્યાર્થીઓ માટે એમ્પ્લોયમેન્ટ એજન્સી કરતાં પણ વધારે છે. હું કોઈપણ વિદ્યાર્થીને પાર્ટ ટાઈમ કામ આપવાનો પ્રયત્ન કરું છું. જેને પણ કામની જરૂર હોય તે પોતાનું નામ અને ફોન નંબર એ પાટિયા પર લખી જાય છે અને જરૂર પડયે હું તેમને ફોન કરીને બોલાવી લઉં છું. અને હવે તો જે માલિકોને પાર્ટટાઈમ કામ કરનારની જરૂર હોય છે તેઓ પણ પોતાનું નામ, કામ અને ફોન નંબર અહીં લખાવી જાય છે. હું તો બંનેને મેળવી આપતી 'કડી' છું.' અમિત બસ અનિમેષ નેત્રે જોઈ જ રહ્યો, કનુભાઈને. તેને પેલું કર્ણપ્રિય ભજન યાદ આવ્યું, 'જ્યોત સે જ્યોત જલાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે રહો.'



## ગાંધીગીરી

**-પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા**

ગાંધીજીને મેં જોયા નથી, પણ એમના નામના નારા લગાવ્યા છે. એમના રચનાત્મક કાર્ય સબંધી માધ્યમિક શાળામાં દર વર્ષે કંઈને કંઈ થતું રહેતું. મને કલાનો શોખ, બીજા એવા રસિયા મિત્ર નટુના સાથ સહકારમાં અમે ગાંધીજીનું પ્રદર્શન પણ યોજેલું. નટુને માટીકામ ગમતું, હું ચિત્રકામ કરતો. અમારાં કામકાજની ત્યારે સારી એવી પ્રશંસા પણ થયેલી. નટુ મોચીએ પરિવર્તનના જુવાળમાં એની અટક 'ચૌહાણ' રાખેલી. બીજો એક સહવિદ્યાર્થી 'ચિમન' મટી 'ચાર્લ્સ' બની ગયો હતો !

પછીના સમયમાં 'બાપુ'ના નામે ચરી ખાનારાઓનો રાફડો ફાટ્યો. એમનું નામ વટાવી ખાવામાં સ્પર્ધા ચાલતી. નારા ગયા, અને નેતા રહ્યા. આઝાદી મળી, પણ મુક્ત ભારતમાં આપણે બાપુને કાયમને માટે મુક્તિ આપી દીધી ! ઠેરઠેર એમનાં પૂતળાં મૂકી, આપણે એમને નિર્જિવ બનાવી દીધા ! તકલી, રેંટિયો અને ખાદી, સંગ્રહસ્થાનમાં જ હવે તો જોવાનાં ! રેશમિયા ખાદી, કેવી આ તે હાંસી ?

મુન્નાભાઈ બાપુને પાછા લાવ્યા. દાદાગીરી કરીને બાપુગીરીનું પ્રવર્તન, આને હું એક અખતરો માનું છું. હળવી રીતે બાપુને માણી પછી ગંભીરતાથી એમનાં વિષે પુનઃ વિચારવા જેવું તો છે જ.

દેશમાં બાપુને યાદ નથી કરાતા એટલા અધિક એ વિદેશમાં પ્રિય બન્યા છે. એમનાં સિદ્ધાંતોનું પ્રેરકબળ માર્ટિન લ્યૂથર કિંગ અને નેલશન મેન્ડેલાની તાકાત બની ગયું. અહિંસક દેખાવો, મજદૂર સંઘત્વ, અને લોકશાહી ચળવળોનાં મૂળમાં પેસો તો એ ગાંધીજીમાં જઈ અટકે. વિદેશના દેશોમાં બાપુનાં સિદ્ધાંતોનો સ્વીકાર અને સત્કાર, એ એમનાં સત્ય અને સાતત્યનો વિજય છે. અહિંસાના અનુસરણ વગર વિશ્વશાંતિ શક્ય જ નથી.

હેનરિક એડનબર્ગને પણ ગાંધીજી સ્પર્શ્યા, સ્થૂળ નહીં પણ માનસિક રીતે. તાજેતરમાં એમનું પુસ્તક 'પર્સનલ ડેવલપમેન્ટ' પ્રગટ થયું. એના દૃષ્ટિકોણને સમજવાની મેં કોશિશ કરી. માનવીનો માનવતામાંથી વિશ્વાસ ડગવો ના જોઈએ. માનવતા તો મહાસાગર જેવી છે. દરિયામાં થોડાં બુંદ ગંદા હોય, તેથી આખો સમુદ્ર બગડી જતો નથી. ગાંધીજીનાં જગ પરિવર્તનનાં કેટલાક મુદ્દા ફેર વિચારવા જેવા છે.

**ખુદમાં ફેરફાર કરો.** જેવી દુનિયા જોવી હોય એવા ખુદને પલટો. સ્વને બદલો તો તમારી દુનિયા સ્વયં બદલાઈ જશે. અન્ન એવો ઓડકાર, સારા વિચાર તો શક્ય સુઆચરણ. અહમ્ આમાં આડખીલી છે. એ ઓગળે પછી જ વિગ્રહ, વેરઝેર, વિખવાદ, વૈમનસ્ય, વેરઆંતરો અને વિખૂટાવાદ ટળે.

**કાબૂ મુઠ્ઠીમાં છે.** તમારી મંજૂરી વગર કોઈ કશું પણ ના કરી શકે. કાંઈ કશા પણ અંગેની લાગણી, એ પ્રત્યેના પ્રત્યાઘાત અને એ સબંધી વિચારગતિ, આપણી ઉપર જ નિર્ભર છે. તમારા સિવાય બહારના કોઈનો કાબૂ નથી, આત્મવિશ્વાસ જાગે, પછી આ ટેવ બની જશે. આ એક એવી ટેવ છે જે સમય સાથે તમને શક્તિશાળી બનાવી તમારી જિંદગી આસાન બનાવી દેશે.

**માફ કરો, વિસારો.** નબળો ક્યારેય ક્ષમા ના આપે. માફી માંગવા માટે પણ છાતી જોઈએ. આંખ સામે આંખ, આ દોરમાં તો દુનિયા સારી કાંણી થઈ જશે. દુષ્ટ સામે દુષ્ટ બનીને લડવામાં કોઈને પણ ફાયદો થયો નથી. મોટું મન કરી, ગયું તે ભૂલવામાં, તમને અને બધાને શાંતિ વર્તાશે. આમ જો થતું નથી, તો ભૂતકાળ અને તે માણસો તમારા વર્તમાન પર કબજો જમાવી બેસશે. ક્ષમા આપો, વિતેલું ભૂલો, આગળ વધો.

**કાર્ય વગર નહીં ઉદ્ધાર.** જીભે જલેબી પાડવા કરતાં હાથપગ હલાવવા સારા. કામ, સહી કામકાજ, ના હોય તો ભૂખે મરવાનો વખત આવે. બોલો તેનો અમલ કરો. રિયાઝ અને અભ્યાસ થકી જ પૂર્ણતા આવે. ચોપડીઓમાં જ્ઞાન ભરેલું છે, સમજીને નિશ્ચિત પરિણામમાં ફેરવવાનું કેવળ તમારા જ હાથમાં છે. જ્ઞાની એ જે જોડે, આ પણ સમજવું જ રહ્યું.

**પળની સંભાળ લો.** વર્તમાન પરિસ્થિતિની મને ચિંતા છે, ભાવીથી ભગવાને મને અજાણ રાખ્યો છે, કાલ મારે જાણવી નથી, કેમ ? શા માટે ? ભૂતકાળની નિષ્ફળતા અને ભવિષ્યનો ડર, બન્ને સફળતાની આડે આવે છે. મૂકો આને બાજુ પર, આ ક્ષણ તમારી છે, એના ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. પળ સુધારી તો સઘળો સમય સુધરી જ જવાનો.

**સર્વ મનુષ્ય છે.** મનુષ્ય માત્ર ભૂલને પાત્ર, પરંતુ એને સ્વીકારો અને એનું મૂળ તપાસો, તો ફરી એનું પુનરાવર્તન નહીં થાય. બીજાની ભૂલો કાઢવાની ભૂલ કદી પણ ના કરવી, કારણ કે તમે ખુદ ઉણપપ્રૂફ કોઈ ભગવાન નથી.

**વળગી રહો.** ઉવેખના થાય, હાંસી કરે, લડે-ઝઘડે, પણ જે તમે કરતા હોય તે જારી રાખો, પાછા ના પડો, તો માનો કે જીત તમારી છે. ખુદને જાણો, તમારી શક્તિ પહેચાનો, આત્મબળમાં શ્રદ્ધા રાખો, કોઈ ક્યારેય કશું તમારૂં બગાડી શકશે નહીં. સાચું લઈ બેસવું, એ જો કે અગત્યનું છે.

**સહી જૂઓ.** સૂપડું બનો, ગુણગ્રાહક થાઓ, અન્યમાંથી સારૃં અપનાવો. ખુદ દુરસ્ત, પૂર્ણ-સંપૂર્ણ, તો અન્યને પણ તમે દિશા આપી શકો. માન આપ્યું તો સામેથી દુગુનુ સન્માન મળશે. બીજાના ઉદ્ધારમાં જ તમારી પ્રગતિ છે, ઈતિહાસ આનો સાક્ષી છે.

**સુસંગત, પ્રમાણભૂત, સ્વયં સિદ્ધતા.** શું બોલ્યા, શું વિચાર્યું, શું આદર્યું, આ સુમેળમાં સુખાકારી સંપન્નતા છુપાયેલી છે. બોલ્યા તે કરવું, કહ્યું તે કરી બતાવવું, પૂરવાર થાય તેવું કરવું. વિશ્વાસ ઉભો કરવા વિશ્વાસુ તો બનવું જ પડે ને ? અગર આ થયું, તો તમે આગળ અને બીજા તમારી પાછળ પાછળ.

**વિકાસ સાધો.** પરિવર્તન એ જ તો જીવન છે. માન્યતા અને સિદ્ધાંતો જેના સહી, એની મંજિલ પણ ચોક્કસ અને નિશ્ચિંત. પરંતુ, આ કાજે પોતાની બુદ્ધિ પણ સતેજ રાખવી પડે. સુટેવો, અનુરૂપ ફેરફાર, ચેતનવંતો કાર્યદોર, સર્વનો સામુહિક ઉત્કર્ષ, આ પ્રગતિનાં સોપાનો છે. સર્વના સુખમાં ખુદનું સુખ, તો આ વસુધા સર્વદા એક કુટુંબ.

દરેક ખુદને સુધારે તો બીજાને સુધારવાની આવશ્યકતા જ ના રહે. જેવું ચાહો એવા ખુદ બનો. સત્યની શોધ ખુદથી થવી જોઈએ, પરંતુ સત્યના જયની ઘોષણા તો સામુહિક જ હોવી ઘટે.

ગાંધીજી વિશ્વમાનવ હતા. કોણ કહે છે કે એ ચિરંજીવી નથી ?

⌘ ⌘ ⌘ ⌘

## યોગ-ધ્યાન અને માનવસેવા

**સ્વપૂર્ણ મહારાજ**

ઓશો રજનીશ, વીમલાતાઈ, શ્રી અરવિંદ જેવા અનેક વિચારકોએ યોગ-ધ્યાન ઉપર ઘણો ભાર મૂક્યો છે. એવીજ રીતે ગાંધીજી પ્રાર્થના ઉપર ભાર મૂકતા.

ધ્યાન એ મન અને બુદ્ધિની વિસ્મૃતિ છે. એ શરીરની નિષ્ક્રિયતાનું એક ઉદાહરણ છે. સમાજને માટે ધ્યાનની કોઈ વિશેષ ઉપયોગિતા હું સમજતો નથી. મહાત્માઓ ધ્યાનમાં સમય પસાર કરવા કરતાં સેવામાં વધારે સમય ગાળે તો એ વધુ ઉપયોગી થાય એમ હું માનું છું.

માણસને થાક લાગે, કંટાળો આવે, ત્યારે ઊંઘી જવું જોઈએ. સમાધિથી જે લાભ થાય એ ઊંઘવાથી પણ થાય એમ મેં માની લીધું છે. ધ્યાન અને ઊંઘમાં ફેર એટલો જ છે કે ઊંઘ શરીરના નવચેતન માટે આવશ્યક છે જ્યારે ધ્યાનમાં કોઈ નશો નથી. ધ્યાનમાં ફક્ત વિસ્મૃતિ છે. ધ્યાનમાં કોઈ સ્વપ્ન નથી કે સમયનું કોઈ ભાન રહેતું નથી. મેં ધ્યાનનો અભ્યાસ કર્યો. એક વખત ધ્યાન લાગ્યું. ત્યારે મૂર્છા આવી હતી. મૂર્છા અને ધ્યાન વચ્ચે પણ ખાસ ભેદ મને લાગ્યો નથી !

ધ્યાન-સમાધિ કરનારા મારા કરતાં વધારે સુખ, શાંતિ અને આનંદમાં રહેતા હોય, લોકહિત વધારે કરતા હોય, એવું મને લાગે તો હું એ પણ કરું.

ગાંધીજીની પ્રાર્થનાનનું મહત્ત્વ મને એટલું જ સમજાય છે કે વિવિધ પ્રવૃત્તિઓમાંથી માણસ થાકી, કંટાળી જાય, ત્યારે સ્થિર રહીને એક જ વસ્તુનું મનન-રટણ કરવાથી તનાવ ઘટે છે.

માણસે માણસની સેવા કરવી એથી વધુ મહત્ત્વ ધ્યાન કે પ્રાર્થનામાં નથી. ઘણા મને પ્રશ્ન પૂછે છે કે માણસે માણસની જ સેવા શા માટે કરવી ? બીજા કોઈ પશુ-પ્રાણીઓની કેમ નહીં ?

આપણે માનવ સ્વરૂપ છીએ. માનવની સેવા મેળવીને જ આપણે મોટા થયા છીએ અને હજી પણ તેમના કર્મોની સેવા માણીએ છીએ. એટલે એનું આપણે ઋણ ચૂકવી કરજમુક્ત થવાની કોશિશ કરવી જોઈએ.

અન્ય પ્રાણીઓની સેવા કરવાનું ધારીએ તો પણ બધા જ જીવોની સેવા કરવાનું શક્ય નથી. બેક્ટેરિયા, વાયરસ, સજીવ કોષો, એ બધાની સેવા કરવાનું આપણા માટે સંભવ નથી.

⌘ ⌘ ⌘ ⌘

## ષષ્ઠ પીઠાધીશ્વર પ.પૂ.ગો.શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનો ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ, સીગાપોર, મલયશીયાનો ધાર્મિક પ્રવાસ

પુષ્ટિ માર્ગ એ કૃપા માર્ગ છે, શ્રી વલ્લભની કૃપા શરણે લેવાનો છે. હજારો વર્ષોથી પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાંથી છૂટો પડેલો અંશ એટલે કે મનુષ્ય જીવને પ્રભુચરણોમાં પુનઃ સ્થાપિત કરવાના ઉદ્દેશથી શ્રી વલ્લભે પૃથ્વી પરિક્રમા ત્રણવાર કરી અને શુદ્ધાદ્વૈતવાદની સ્થાપના કરી.

આ જ પુષ્ટિપથની કડી ઉપર ડગ ભરનારા અને વિશ્વની વૈષ્ણવી સૃષ્ટિને પોતાના અથાગ પરિશ્રમ દ્વારા શરણે લઈ પુષ્ટિ પ્રણાલીકા પ્રમાણે સંસ્કારોનું સીચન કરવાનો સંકલ્પિત અભિગમ મનોરથ સ્વરૂપે અપનાવનારા ષષ્ઠ પીઠાધીશ્વર પ.પૂ.ગો.શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીએ અષાઢ ભાદરવાના ઉત્સવાત્મક મહિનાઓમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ, સીગાપોર, મલયશીયાનો ધાર્મિક પ્રવાસ કર્યો જેમાં વિદેશમાં વસતી વૈષ્ણવી સૃષ્ટિને વચનામૃતનો રસપાન કરાવી શ્રી વલ્લભના દિવ્ય સંદેશ પ્રદાન કરી પુષ્ટિ પથ ઉપર પ્રયાણ કરવાનું માર્ગદર્શન આપ્યું.



વિશ્વના આ પૂર્વ વિસ્તારમાં સૂર્યોદય પ્રથમ થાય છે તેથી આ વિસ્તારોમાં જ્યાં હજી પુષ્ટિ સૂર્યનો ઉદય થવાનો બાકી છે ત્યાં અનેકવિધ કાર્યક્રમોનું દિવ્ય આયોજન કરી વૈષ્ણવોને ઉપકૃત કર્યા છે. તા. ૨૩-૮-૨૦૦૯ના રોજ પ્રારંભ થયેલા પ્રવાસના આરંભમાં ઓસ્ટ્રેલિયાના 'પર્થ' શહેર ખાતે જ્યાં હિન્દુઓ વસે છે ત્યાં વધુ પડતા વિદ્યાર્થીઓ છે. વૈષ્ણવોની વસતિમાં યુવાનો વધારે છે તથા પરિચિત ચહેરાઓ પણ ઘણાં છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના વૈષ્ણવ સંઘના સૌજન્યથી પૂ. મહારાજશ્રીએ 'હિન્દુ ધર્મ અને પુષ્ટિ માર્ગ' વિષય પર વચનામૃત કર્યા. તદુપરાંત કાયમી સત્સંગ, સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલુ રહે અને ધાર્મિક પ્રવૃત્તિ દ્વારા સંઘ વિકાસ પામે અને લોકો ધર્માભિમુખ થાય તેવી સુંદર વ્યવસ્થા આપશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી.

ત્યાર બાદ 'બ્રિસ્બેન' આવી આપશ્રીએ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ આપી આત્મનિવેદન કરાવવામાં આવ્યું. ત્યાં લક્ષ્મીનારાયણ મંદિરમાં આયોજન થયું અને પૂ. મહારાજશ્રીની અધ્યક્ષતામાં બ્રિસ્બેનમાં 'બ્રિસ્બેન પુષ્ટિ માર્ગ'નું દિપ પ્રાગટ્યથી સંસ્થાનો પ્રારંભ કર્યો. ઉત્તર ભારતથી ત્યાં જઈ વસેલા સનાતન ધર્મના પ્રેમીઓ તથા વૈષ્ણવો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા અને પૂ. મહારાજશ્રીના વચનામૃત શ્રવણ કર્યાં. પ્રથમવાર પૂ. મહારાજશ્રીની વાણીથી પ્રભાવિત થઈ ફરીવાર કાર્યક્રમ રાખવાનો આગ્રહ તેમના દ્વારા સેવવામાં આવ્યો અને પુષ્ટિ માર્ગને જાણવાની તેમની ઈચ્છા પ્રબળ બની. સાથે સમયાંતરે સત્સંગ, સ્વાધ્યાયની પ્રવૃત્તિનો પ્રારંભ કરવા સૌ તત્પર બન્યાં.

ત્યાર બાદ 'મેલબર્ન' ખાતે ડૉ. ઈન્દુલાલ અને રંજનબેન ઘેલાણી જેવા ભગવદિય વૈષ્ણવોના સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આ વૈષ્ણવોના પરિવારમાં પુષ્ટાવેલા શ્રી ઠાકોરજીની સેવા જ્યારે તેઓ પૂર્વ આફ્રિકામાં વસતા ત્યારથી ચાલતી આવે છે. એમના શ્રી ઠાકોરજીના બે મનોરથો 'હિંડોળા' તથા 'છાક લીલા'ના ઉત્સવો મનાવવામાં આવ્યાં. પૂ. મહારાજશ્રીનું 'હિન્દુત્વનું મહત્વ અને પુષ્ટિમાર્ગમાં આપણું કર્તવ્ય' વિષય પર વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું. ખૂબ આનંદ સાથે બહોળા સમુદાયે આ કાર્યક્રમમાં ભાગ લીધો. પછી બે દિવસ પૂ. મહારાજશ્રીના વચનામૃત થયા જેમાં ૨૦૦૦થી વધુ વૈષ્ણવોએ આનંદ પ્રાપ્ત કર્યો. કાયમી સત્સંગ પ્રવૃત્તિને વેગ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું.

ઓસ્ટ્રેલિયાથી પૂ. મહારાજશ્રી ન્યૂઝીલેન્ડમાં ઓકલેન્ડ ખાતે પધાર્યા. અહીં 'વૈષ્ણવ પરિવાર ઓફ ન્યૂઝીલેન્ડ' જેની શાખાઓ ન્યૂઝીલેન્ડના અન્ય શહેરોમાં પણ છે, તેના સહયોગથી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ઓકલેન્ડ ખાતે વૈષ્ણવોનું નેશનલ કન્વેન્શન યોજવા માટે આ સંઘ દ્વારા વિચાર કરવામાં આવે છે.

ન્યૂઝીલેન્ડથી મહારાજશ્રી ફીઝી ખાતે પધાર્યા અને ત્યાં ત્રણ દિવસ જુદા જુદા વિષયો ઉપર આપશ્રીએ વચનામૃત અને માર્ગદર્શન પૂરૂં પાડયું. ફીઝીમાં રાધાકૃષ્ણ મંદિરમાં સુવર્ણના આભરણ અર્પણ કરવામાં આવ્યા.

ત્યાર બાદ ઓસ્ટ્રેલિયામાં સિડની ખાતે પધાર્યા જ્યાં ન્યૂ સાઉથ વેલ્સ વૈષ્ણવ સંઘના શ્રી રાજુભાઈ કોટેચા દ્વારા ખૂબ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં શ્રી ઠાકોરજીનો દાનલીલાનો મનોરથ કરવામાં આવ્યો અને પોતાના શ્રી ઠાકોરજી પધરાવી ગ્વાલ મંડળીનો સુંદર મનોરથ સિદ્ધ કર્યો. સાથે સાથે સંત અને સુરના સમન્વય સ્વરૂપ ઋષભ ગ્રુપના શ્રી અતુલભાઈ પુરોહિતના સ્વરે ભજનોનો રસથાળ પીરસાયો અને સૌએ આનંદ માણ્યો.

સિડનીથી મલયસીયા પધાર્યા જ્યાં હિન્દુ વૈદિક સનાતન ધર્મ વિષે ખૂબ જ સુંદર માહિતી પ્રદાન કરી અને પ્રસિદ્ધ પેટ્રોનાસ ટવીન ટાવર તથા કાર્તિકેય મંદિરની મુલાકાત લીધી.

ત્યાર બાદ પૂ. માહારજશ્રી સિંગાપોર પધાર્યા અને ત્યાં 'ભક્તિના દસ ચરણ' વિષય પર વચાનામૃત થયા. સાથે પ્રશ્નોતરીનું પણ આયોજન થયું. આ સમગ્ર પ્રવાસ દરમિયાન પુષ્ટિ પ્રચાર પ્રસાર અને હિન્દુ સનાતન ધર્મના મહાત્મ્યના પૂ. મહારાજશ્રી દ્વારા ઉપદેશાત્મક સંદેશ સૌને પ્રદાન કરવામાં આવ્યો.

## એકવાર તો કહો કે આ કામ કરો !

કુમારપાળ દેસાઈ

અતિ ચંચળ અને તોફાની પુત્રથી દુકાનદાર હેરાન પરેશાન થઈ ગયો. એની દુકાન પર જે કોઈ ગ્રાહક ખરીદી કરવા આવે તેની તરફ આ છોકરો એકાએક ધસી જઈને એની ટોપી કે પાઘડી ખેંચી કાઢીને રસ્તા પર ફેંકી દેતો. દુકાનદારે એને સમજાવવાની બહુ કોશિશ કરી, પણ સમજ્યો નહિ. ડરાવવાનો અને ધમકાવવાનો પ્રયત્ન કર્યો પણ માન્યો નહીં. મારપીટ કરીને તેના હાથ દુખવા લાગ્યા પણ તેથી કાંઈ જ ફરક પડયો નહીં. એ સુધરવાનું કે સમજવાનું નામ જ નહોતો લેતો. ધીરે ધીરે આ છોકરાના તોફાનથી કંટાળીને ગ્રાહકો આવતા બંધ થયા અને દુકાન ખોટમાં ચાલવા લાગી.

સંજોગવશાત્ એક દિવસ દુકાન પર એક અનુભવી શિક્ષક આવ્યા. દુકાનદારે પોતાની મુશ્કેલીની વાત કરી અને વિનંતી પણ કરી કે આપે અનેક વિદ્યાર્થીઓને જીવનમાં સાચો માર્ગ બતાવ્યો છે. મને આ મોટી ઉપાધિમાંથી બચાવો અને મારા દીકરાને સાચો માર્ગ બતાવો.

શિક્ષકે કહ્યું કે એ એને માટે જે કોઈ ઉપાય અજમાવે તેનો દુકાનદારે વિરોધ કરવો નહિ. દુકાનદારે વાતનો સ્વીકાર કર્યો. બીજે દિવસે એ શિક્ષક પાઘડી પહેરીને આવ્યા. છોકરાએ એમની પાઘડી ઉતારીને રસ્તા પર ફેંકી દીધી. શિક્ષક સહેજે ગુસ્સે ન થયા બલકે અભિનંદન આપતા હોય તેમ તાળી પાડીને કહ્યું, 'શાબાશ, હવે જાવ અને એ પાઘડી લઈ આવો.' છોકરો છલંગ મારીને ગયો અને પાઘડી લઈ આવ્યો. હવે શિક્ષકે તેને કહ્યું, 'મારું એક કામ કરીશ ? આ પાઘડી મને તારી રીતે પહેરાવી દે.' છોકરાએ શિક્ષકના માથા પર ગોળ ગોળ પાઘડી પહેરાવી દીધી. એને આ રમતમાં મજા આવતી હોય તેમ લાગ્યું.

બીજે દિવસે શિક્ષક એક લાકડી અને નાની કુહાડી લઈને આવ્યા અને છોકરાને આપતાં કહ્યું, 'કુહાડીથી આ લાકડીના થાય તેટલા ટુકડા કરી નાખ.' દુકાનદાર તો ગભરાઈ ગયો અને બોલ્યો, ' અરે, તમે આ શું કરો છો ? એ તો સાવ તોફાની છે. કુહાડી તમારા પગ પર મારશે.' શિક્ષકે દુકાનદારને ઈશારાથી શાંત રહેવા કહ્યું. છોકરાએ હોંશે હોંશે લાકડીના ટુકડા કરી નાખ્યા.

એ પછી રોજ શિક્ષક આવતા અને છોકરા પાસે કંઈ ને કંઈ કામ કરાવતા. છોકરાને એટલી તો મજા આવતી કે એ દરરોજ શિક્ષકના આવવાની રાહ જોતો. ગ્રાહકો સાથે તોફાન કરવામાં હવે એને રસ ન રહ્યો અને તેઓ નિરાંતે ખરીદી કરી શકતા. આ જોઈને દુકાનદાર પણ ચકિત થઈ ગયો. તેણે શિક્ષકને પૂછ્યું, 'તમે આ ચમત્કાર કેવી રીતે કર્યો ?'

શિક્ષકે કહ્યું, 'આપણે આખો દિવસ બાળકને કહીએ છીએ કે આમ ન કર ને તેમ ન કર. પણ તેને શું કરવું તે કહેતા નથી. મેં એને જ્યારે જ્યારે કંઈ કરવાનું કહ્યું છે ત્યારે તેણે કેટલા બધા આનંદ અને ઉત્સાહથી કર્યું છે ? તમે પણ તેને દુકાનમાં થોડુ થોડુ કામ કરવા દો તો એને તોફાન કરવાનું મન જ નહિ થાય.'

દુકાનદાર શિક્ષકની વાત સમજી ગયો અને ત્યાર પછી એ એના પુત્રને દુકાનના કોઈને કોઈ કામમાં વ્યસ્ત રાખવા લાગ્યો.

## ગુજરાતનું ગૌરવ

વસ્તુપાળ અને તેજપાળ જૈન ભાઈઓના નામ ગુજરાતના ઈતિહાસમાં જાણીતા છે. એકવાર પાટણથી શત્રુંજયની જાત્રાએ જતા જૈન સંઘમાં તેઓ પોતાના કુટુંબ સાથે જોડાયા હતા. હડાળા ગામને પાદરે રાતવાસો કરવા સંઘે પડાવ નાખ્યો હતો. તે સમયે બધાને ચેતવણી આપવામાં આવી કે હવે પછીના વિસ્તારમાં ચોરલૂટારાનું વર્ચસ્વ ઘણું છે. એ સાંભળી આ ભાઈઓએ વધારાનું ધન ચરુમાં ભરી કોઈ સ્થળે જમીનમાં દાટી દેવાનું નક્કી કર્યું.

મધરાતે ચરુ લઈ તેઓ જંગલમાં ગયા અને એક મોટા વૃક્ષ નીચે ખાડો ખોદવાનું શરૂ કર્યું. ખાડો થોડો ઊંડો થયો ત્યાં કોઈ કઠણ વસ્તુ દેખાઈ. ખોદીને બહાર કાઢીને જોયું તો સોનામહોરથી ભરેલો ચરુ હતો. વધારે ખોદતાં બીજા બે ચરુ હાથમાં આવ્યા. આમ ધન દાટવા જતાં સામેથી ધન મળ્યું. એટલે બધું ધન ઉપાડીને તંબૂમાં પાછા ફર્યા. તેજપાળની પત્ની અનુપમાદેવીએ આ જોયું અને તરત જ કહ્યું, 'આને કહેવાય વાપર્યા વગરનું ધન ધૂળ બરાબર છે ! લોકો પાપથી ભેગું કરેલું ધન ધૂળમાં દાટે છે અને પછી તે ધૂળમાં જ રહે છે.' અનુપમાદેવીની વાત પરથી બંને ભાઈઓને થયું કે ધન દાટવા જતાં વાપરી નાખવું સારું. કોને ખબર છે તેઓ અહીં અજાણી જગ્યાએ ધન દાટે તો ફરી લેવા આવી શકે કે નહીં ?

અનુપમાદેવી બહુ હોંશિયાર હતી. કુટુંબમાં અને નાતમાં સૌ અગત્યના કામમાં કે મૂશ્કેલીના સમયે તેની સલાહ લેતા. તેનો બતાવેલો સૂઝાવ હંમેશા ફાયદાકારક જ હોય. આ ધનનું હવે શું કરવું તે ભાઈઓએ તેને પુછ્યું ત્યારે તેણે વિચાર કરીને કહ્યું, 'આ ધન આપણું નથી.. કોનું છે તે પૂછવા જશો તો માલિક ઘણા નીકળશે અને ઝઘડા થશે. એને એવા કામમાં વાપરો જે દુનિયા જોઈ શકે પણ લઈ જઈ ન શકે.' ભાઈઓને આ વાત ગમી. ત્યારથી તેમણે ગુજરાત અને સૌરાષ્ટ્રના શીખરો ઉપર જૈન મંદિરો બંધાવવાની યોજના કરી.

સ્વર્ગસ્થ ભાઈઓ મલ્લદેવ અને લુણીગની સ્મૃતિમાં શત્રુંજય પર અષ્ટાપદ ચૈત્યનું મંદિર બંધાવ્યું અને આબુ પર નેમીનાથનું આરસપહાણનું મંદિર બંધાવ્યું.

વસ્તુપાળ અને તેજપાળ તો ધંધામાં અને ગુજરાતના રાજકારણમાં વ્યસ્ત રહેતા. એટલે મંદિરોના બાંધકામની દેખભાળનુ કામ અનુપમાદેવી જ સંભાળતી. તે ચતુર હોવા ઉપરાંત સારા કામની કદર ખૂબ કરતી અને કારીગરોને ઉદારતાથી મહેનતાણું આપતી. તેના આ સદ્‌ગુણોને કારણે ઉચા પ્રકારનું કોતરણીનું કામ કરતા કારીગરો દૂર દૂરથી આકર્ષાઈને મંદિરોનું કામ કરવા આવતા.

આબુ પર જ્યારે નેમીનાથનું મંદિર બંધાતુ હતુ ત્યારે તેમાં નેમીનાથની મૂર્તિની સ્થાપના કરવાનો દિવસ જ્યોતિષીઅ નક્કી કરી આપેલો. અનુપમાદેવીને લાગ્યું કે જે ઝડપથી મંદિર બંધાઈ રહ્યું છે તે ગણતાં કદાચ મુહૂર્તના દિવસ સુધીમાં કામ પૂરું ન પણ થાય. પોતાની ચિંતા તેણે મુખ્ય શિલ્પી પાસે વ્યક્ત કરી. જવાબમાં તેણે કહ્યું, 'દેવી, આ પર્વતની ઊંચાઈને કારણે અહીં ઠંડી સખત રહે છે. સૂર્ય ઊગે તે પહેલાં કારીગરો કામ પર આવી શકતા નથી. થોડુ કામ કરે ત્યાં બપોરનો જમવાનો સમય થઈ જાય અને બધા તેની વ્યવસ્થામાં લાગી જાય. જમ્યા પછી થોડા કલાક કામ કરે ત્યાં સૂર્યાસ્ત થતાં અંધારું થઈ જાય. ઉપરાંત આ પર્વત પર અનાજ, શાકભાજી, દૂધદહીં, વગેરે તળેટીમાંથી લાવવા પડે છે. પૂરતા પોષણના અભાવે કારીગરો નબળા રહે છે અને કામ ધીમું થાય છે.'

અનુપમાદેવીએ આ મૂશ્કેલી બંને ભાઈઓ સમક્ષ રજૂ કરી. મુખ્ય શિલ્પી સાથે મસલત કરીને તેમણે તાત્કાલિક પર્વત પર જ રસોડા બંધાવ્યા અને દૂરથી સારા રસોયા બોલાવીને કારીગરોને સવાર, બપોર, સાંજ ત્રણે વખત પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ખોરાક મળે તેની વ્યવસ્થા કરી. કામના વિસ્તારમાં ઠેકઠેકાણે સગડીઓ મૂકી જેથી વાતાવરણમાં ગરમી રહે અને કારીગરો ઉત્સાહથી કામ કરી શકે. સૂર્યાસ્ત પછી પણ કામ થઈ શકે તે માટે મસાલો ગોઠવી. તે ઉપરાંત કારીગરોમાં ઉત્સાહ વધારવા અને તેઓ ઉત્તમ પ્રકારનું બારીક કોતરકામ કરી આપે તે માટે બારીક કોતરકામમાંથી નીકળતી આરસપહણની બારીક રજને ભારોભાર સોનું તેમને મહેનતાણા તરીકે આપવામાં આવતું. આથી મંદિર મુહૂર્તના દિવસ પહેલાં જ તૈયાર થઈ ગયું અને તેમાં ધામધૂમથી નેમીનાથની મૂર્તિની સ્થાપના કરવામાં આવી.

અનુપમાદેવીના ચાતુર્ય અને ઔદાર્યના સાક્ષી સમા શત્રુંજય અને આબુ પરના સુંદર કારીગીરીવાળા આ મંદિરો ગુજરાતની શાણ અને આણમાં વધારો કરનારા, તેના ગૌરવ સમા છે.

## દાળ-ઢોકળી

**દાળ-ઢોકળી ગુજરાતીઓની ખૂબ જ પ્રિય વાનગીઓમાંની એક છે. (તેમની સૌથી પ્રિય વાનગી ભજિયાં ગણાય છે). તેમ છતાં પાણીપૂરીની જેમ તે બગીચા પાસે ઊભેલી રેંકડી પર કે કોઈ રેસ્ટોરન્ટમાં ભાગ્યે જ મળે છે. હું નાનો હતો, એટલે કે છ-આઠ વર્ષની ઉંમરનો ('નાનો' હું ન બની શકું, કારણ મારે દીકરી નથી), ત્યારે દાળ-ભાત મને ન ભાવતાં. દાળમાં રોટલી ઝબોળીને ખાતો. કોઈવાર રોટલીના ટૂકડા કરીને દાળમાં પલાળતો અને પછી ખાતો. આ દાળ-રોટલી ખાવાનો મારો શોખ પછી દાળ-ઢોકળી ખાવાનો શોખ બન્યો. આમ જુઓ તો એ બંનેમાં બહુ ફેર ન કહેવાય. એકમાં સેકેલી રોટલી દાળમાં ભેળવાતી જ્યારે બીજીમાં કાચી રોટલી દાળમાં ભેળવીને તેમાં બફાતી. જો કે સ્વાદમાં ફેર જરૂર પડે.**

**ગુજરાતમાં કે ગુજરાતની બહાર, ભાગ્યેજ કોઈ ગુજરાતીનું ઘર એવું હશે જ્યાં મહિનામાં એક-બે વાર દાળ-ઢોકળી ન બનાવાતી હોય. અલબત્ત, વાનગીનું નામ એક હોવા છતાં તેની બનાવવાની રીત અને સ્વાદ ઘેરઘેર અલગ હોઈ શકે. અહીં આપેલી બનાવવાની રીત ઈન્ટરનેટ પરની શ્રેષ્ઠ રીત ગણાઈ છે.**

### જરૂરી વસ્તુઓ

- ૨૫૦ ગ્રામ તુવેર દાળ
- ૨૫૦ ગ્રામ ઘઉનો લોટ
- એક ચમચી મરચું
- એક ચમચી લાલ મરચાંની પેસ્ટ
- ૨ ચમચી છુંદેલાં લીલાં મરચાં અને આદુ
- ૩ તેજ પત્તા
- ૫૦ ગ્રામ મગફળી, (માંડવી)
- ૨૫ ગ્રામ કાજુ
- એક ચમચી હળદર
- એક ચમચી રાઈ,
- એક ચમચી મેથી
- પા ચમચી વઘાણી
- ૪ લવીંગ
- એક તજનો ટૂકડો
- ૨ ટમેટાં, ઝીણાં સમારેલાં
- ૨ ચમચી આમલી
- ૧૦૦ ગ્રામ બ્રાઉન ખાંડ અથવા ગોળ
- એક ચમચી ગરમ મસાલો
- એક ચમચી અજમા
- જરૂર પ્રમાણે તેલ અથવા ઘી
- મીઠું, જરૂર પ્રમાણે
- કોથમીર

### બનાવવાની રીત

ઘઉના લોટમાં મીઠું, હળદર, અજમા અને લાલ મરચું સરખી રીતે ભેળવીને પછી તેને તેલ કે ઘીનું મોણ આપો. પછી તેમાં હુંફાળું પાણી ભેળવી રોટલી બનાવવાનો લોટ બાંધો.

તુવેર દાળને ધોઈને તેને પ્રેસર કુકરમાં ત્રણ સીટી આપી બાફો. પ્રેસર કૂકર ઠરી જાય પછી દાળ કાઢી લો.

એક તપેલામાં તેલ અથવા ઘી મૂકી તેમાં લવીંગ, તજ અને તેજ પત્તા સોંતળો. ત્યાર બાદ તેમાં રાઈ અને મેથી નાંખો અને તે તળાય જાય એટલે તેમાં વઘાણી ઉમેરી પછી તરત વાટેલા આદુ અને લીલાં મરચાં ભેળવો. ત્યાર બાદ બાફેલી દાળ ઉમેરો અને બરાબર હલાવો.

હવે તેમાં એક ગ્લાસ પાણી ઉમેરો અને સાથે માંડવી, કાજુ, આમલી, ગરમ મસાલો, લાલ મરચાંની પેસ્ટ, હળદર અને મીઠું ભેળવો અને તેને બે મિનિટ ઊકળવા દો.

ઘઉના લોટની રોટલી વણી તેના નાના ટૂકડા કરો અને ઊકળતી દાળમાં નાંખો. તેને ત્રણ ચાર મિનિટ ઊકાળી સ્ટવ પરથી ઊતારી લો. કોથમીરથી શણગારો.

જમતી વખતે દાળઢોકળીમાં એક ચમચી ઘી મેળવવાથી વધારે સ્વાદિષ્ટ લાગશે.

## આપણાં શાકભાજી

દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી

## તુવેર, તુર દાળ

દરરોજ સવારે ગુજરાતીના ઘરમાં અથવા દક્ષિણ ભારતીયના કોઈ ઘરમાં પ્રેસર કુકરની સીટી વાગે એટલે સમજવું કે તુર દાળ બફાઈ રહી છે. સાધારણ પાણીમાં તુરદાળને બાફવા માટે લાંબો વખત ઊકાળવી પડે છે. પણ પ્રેસર કુકરની શોધ થયા બાદ એ કામ સહેલું અને ઝડપી બની ગયું છે. જો કે મેલબર્ન જેવા શહેરના પાણીમાં તે સહેલાઈથી બફાઈ જાય છે. તો પણ એકવાર પ્રેસર કુકર વાપરવાની આદત પડી ગઈ પછી બદલાતી નથી.

ઘણીવાર એમ પણ વિચાર આવે કે આ તુરદાળ ન હોત તો ગુજરાતી કે દક્ષિણ ભારતની ગૃહિણીને દરરોજ સવારે 'શું રાંધવું ?' એ પ્રશ્ન મુંઝવતો હોત. પણ ગુજરાતીના કાયમી મેન્યુ 'રોટલી, દાળ, ભાત, શાક'માં અને દક્ષિણ ભારતના 'ઈડલી સાંભાર'માં તુરદાળે પોતાનું સ્થાન મજબૂત રીતે જમાવ્યું છે.

હજારો વર્ષ પહેલાં ભારતમાં તુરદાળનો વપરાશ શરૂ થયેલો એમ મનાય છે. એટલે તો સંસ્કૃત ભાષામાં પણ તેનું નામ 'તુવરિ' છે. અહીંથી તે એશિયા અને પૂર્વ આફ્રિકામાં પહોંચી. તુવેર ઓછા વરસાદમાં પણ ઊગી શકે છે અને તેમાં પ્રોટીન ઘણું છે એટલે પૂર્વ આફ્રિકાના ઘણા દુકાળગ્રસ્ત વિસ્તારમાં તે મુખ્ય ખોરાકમાં ગણાય છે. ત્યાંથી આફ્રિકન ગુલામો સાથે તે અમેરિકા પહોંચ્યું. હાલમાં સમશિતોષ્ણ હવામાનવાળા ઘણા દેશોમાં તે ઉગાડવામાં આવે છે. ગરમ પ્રદેશમાં તે શિયાળુ પાક તરીકે ઉગાડાય છે.

ભાષા પ્રમાણે તેના અલગ અલગ નામો હોય તે સ્વાભાવિક છે.

સંસ્કૃત- તુવરિ, હિંદી ને બંગાળી - અરહર, આસામી - રોહોર, નેપાળી - રહર, ગુજરાતી ને મરાઠી - તુવેર, તૂર, તામીલ - તુવરમ્ પારુપ્પુ, મલયલમ્ - તુવરા, તેલુગુ - કાંદી, અંગ્રેજી - પીજિયન પી, લેન્ટિલ.

ગુજરાતમાં લીલા તુવેરને 'લીલવા' કહે છે. ખાસ શિયાળામાં બનાવાતી સુરતની પ્રખ્યાત વાનગી 'સુરતી ઊંધિયું'માં લીલા તુવેર બહુ અગત્યની વસ્તુ છે. ગુજરાતીઓને 'ઊંધિયું' એટલું બધું પ્રિય છે કે તેનું નામ સાંભળતાં જ ગાંડા-ઘેલા થઈ જાય

બીજી ગુજરાતીઓની ખૂબ પ્રિય વાનગી 'દાળ ઢોકળી' તુર દાળની બનાવવામાં આવે છે. ગુજરાતમાં કે પરદેશમાં, ભાગ્યે જ કોઈ ગુજરાતીનું ઘર એવું હશે જ્યાં મહિનામાં એકબે વાર દાળ-ઢોકળી ન બનાવાતી હોય. દક્ષિણ ભારતના 'ઈડલી-સાંભાર'માંનો સાંભાર તુરદાળનો બનાવાય છે. તે ઉપરાંત ભારતના બીજા પ્રાંતોમાં પણ શાકાહારીઓના રોજીંદા ખોરાકમાં તેનું સ્થાન છે. દાળવડા, ઢોકળા, બીરિયાણી,, વગેરે વાનગીઓમાં પણ તુરદાળનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરથી એટલો અંદાઝ આવ્યો હશે કે ભારતમાં તેની માંગ મોટા પ્રમાણમાં રહે, તેથી સમગ્ર દુનિયાની તુરદાળની પેદાશનો પચાશ ટકાથી વધારે ભાગ ભારતમાં ઊગાડવામાં આવે છે.

તુરદાળમાં પ્રોટીન ઘણા મોટા પ્રમાણમાં છે. એટલે ગુજરાતના શાકાહારીઓ માટે ખોરાકમાંથી પ્રોટીન મેળવવામાં તુરદાળ મહત્વનો ફાળો આપે છે. પણ પચવામાં ભારે છે એટલે તેની સાથે ખટાશ લેવાથી જલદી પચી જાય છે. એટલે જ તુરાદાળમાં આમલી કે કોકમ ભેળવવા જરૂરી ગણાય છે. તો પણ બેઠાડુ જીવન હોય તો બરાબર પચતી નથી અને પેટમાં ગડબડ કે ગેસ થવાની સંભાવના રહે છે. તુરદાળના વઘારમાં રઈ, મેથી, તજ, લવીંગ, આદુ અને વધાણી જેવા મસાલા, જે આયુર્વેદની દૃષ્ટિએ એક જાતના ઔષધ જ છે, એના ઉપયોગથી ગેસની માત્રા ઓછી થાય છે. ગુજરાતમાં ઘણા ઘરોમાં તુરદાળ બહુ પાણીવાળી પાતળી બનાવવામાં આવે છે અને જાણે ભાત સાથે તુરદાળનું પાણી ખાતા હોય તેવું લાગે. કેટલાક ૪-૬ વ્યક્તિના કુટુંબમાં પણ ફક્ત એક મુઠી તુરદાળ રાંધવામાં આવે છે. આથી તુરદાળમાં પ્રોટીન મોટા પ્રમાણમાં હોવા છતાં તેનો પૂરતો લાભ લેવાતો નથી અને લોકો રોજિંદી જરૂરિયાત જેટલું પ્રોટીન મેળવતા નથી. આને કારણે ગુજરાતની પ્રજા શારિરીક ઘણી નબળી લાગે છે. ઉત્તર ભારતની જેમ જો ઘાટી બનાવેલી તુરદાળ જમવામાં લેવામાં આવે તો તેનો વધારે ફાયદો મળે.

પ્રોટીન ઉપરાંત તુરદાળમાં અમીનો એસિડ મેથિયોમાઈન, લ્યુસીન અને ટ્રિપ્ટોફાન મોટા પ્રમાણમાં છે જે શારિરીક તંદુરસ્તિ માટે જરૂરી ગણાય છે.

આયુર્વેદ પ્રમાણે જઠરની અંદરના અને આંતરડાના સોજા માટે તુરદાળનું સુપ અક્સીર ઈલાજ છે. માંદા માણસને તુરદાળનું પાણી આપવાથી તેમના શરીરમાં સ્ફૂર્તિ જલદી આવે છે. તુવેરના છોડના લીલા પાંદડાં અને થોડા મરી સાથે વાટી પાણી સાથે પી જવાથી આંતરડાની બળતરા ઓછી થાય છે. એકલા લીલા પાંદડા વાટી તેનો લેપ ઘા પર લગાવવાથી તે જલદી રૂઝાઈ જાય છે. અને સુકાયેલો છોડ બળતણ તરીકે પણ કામ આવે છે. આમ તુવેરનો છોડ મૂળિયાથી ફળ સુધી પૂરેપૂરો ઉપયોગમાં આવે છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં તુરદાળ વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

**અમુક ઉંમરે પુરુષને નોકરીમાંથી નિવૃત્તિ મળે છે. ગૃહિણીને રસોડામાંથી નિવૃત્તિ ક્યારે મળે છે ?**

⌘ ⌘ ⌘ ⌘ ⌘

### मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

वापी चास्मिन्मरकत शिलाबद्ध सोपानमार्गा
हैमेश्छन्ना विकचकमलैः स्निग्धवैदूर्यनालैः ।
यस्यास्तोये कृतवसतयो मानसं सन्निकृष्टं
नाध्यासन्ति व्यपगतशुचस्त्वामपि प्रेक्ष्य हंसाः ॥८१॥
तस्यास्तीरे रचितशिखरः पेशलैरिन्द्रनीलैः
क्रीडाशैलः कनककदलीवेष्टनप्रेक्षणीयः ।
मंदेह्निन्याः प्रिय इति सखे चेतसा कातरेण
प्रेक्ष्योपान्तस्फुरिततडितं त्वां तमेव स्मरामि ॥८२॥

### મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

સીડી જેની મરકત રચી, વાવ ત્યાં છે પ્રફુલ્લ
પદ્મો છાયી કનકમય ને સ્નિગ્ધ વૈદૂર્યનાલી,
જ્યાં પાણીમાં વસતિ કરતાં પાસના માનસાર્થે
આકાંક્ષે ના દુખરહિત થૈ, હંસ દેખી તનેય. (૮૧)
જોવા જેવો કનકકદલી વાડથી, ખેલશૈલ
ત્યાં છે તીરે, શિખર રચિયું જેહનું ઈન્દ્રનીલે.
મારી સ્ત્રીનો પ્રિય, મન સખે ! એમ ઢીલું થવાથી
જોઈ યુને ચમકીત થતો વીજથી, હું સ્મરું તે. (૮૨)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

There is a pond here whose flight of steps are built of emeraald stones and which is full of golden lotuses with glistening Vaidurya stalks around, the swans in it dwelling without anxiety, do not long the lake Manas though nearby, inspite of beholding, O Cloud. (81)
On its bank is a pleasure mountain whose peak is studded with lovely sapphires, charming because of the girdle of golden plain trees. I remember it, on seeing you with your lightening flashing about the borders as much as the mountain, with impatient heart for my wife loves it too.(82)

(To be continued: Two verses will be published in every issue.)